IMA 100 NATCON

Indian Medical Association

**Gujarat Medical Council**

COUNCIL HOUSE, CIVIL HOSPITAL CAMPUS,
HARIPURA, ASARWA, AHMEDABAD, GUJARAT
380016

MAIL@GMCGUJARAT.ORG

WWW.GMCGUJARAT.ORG

અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ

**નં. જી.એમ.સી. /૩/ અંગદાન અભિયાન / 41215/25 /૨૦૨૫**

**પ્રતિ,**
**ડીન શ્રી,**
**તમામ મેડીકલ કોલેજ,**
**ગુજરાત રાજય.**

**તા. ૩૧/૦૭/૨૦૨૫**

વિષય:- **શતાબ્દી IMA રાષ્ટ્રીય અધિવેશન નિમિતે IMAગુજરાત અને અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે** અંગદાન જનજાગૃતિ અભિયાન અંતર્ગત અંગદાન સંકલ્પ કાર્યક્રમ યોજવા બાબત......

ઉપરોક્ત અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજ્યમાં આપણા સૌના પ્રયત્નોથી અંગદાન અંગે સારા પરિણામ જોવા મળી રહ્યા છે. પરંતુ, આ વિષય સમાજના બધા જ લોકો સુધી પહોંચાડવા માટે સતત આ વિષય અંગે જાગૃતતા વધે તે માટે આપણે સૌએ પ્રયત્ન કરતાં રહેવું પડશે.

ગુજરાત રાજ્યમાં અંગદાન અંગે જાગૃતતા વધે તેમજ મોટા પ્રમાણમાં અંગદાન સંકલ્પ લેવાય તે માટે **ગુજરાત મેડીકલ કાઉન્સિલ** દ્વારા ઇંડિયન મેડિકલ એસોસિએશન, ગુજરાત સ્ટેટ બ્રાન્ચ તેમજ અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી રાજ્યનીતમામકોલેજમાં અંગદાન સંકલ્પ કાર્યક્રમ યોજવાનું તેમજ મોટા પ્રમાણમાં અંગદાન સંકલ્પ લેવાનું આયોજન કરવામાં આવ્યું છે.

તો આ અંગે આપની કોલેજમાં પણ **ઓગષ્ટ થી સપ્ટેમ્બર, 2025** ના સમય દરમિયાન આ કાર્યક્રમનું આયોજન કરશો. કાર્યક્રમમાં વધુમાં વધુ લોકો ભારત સરકારની વેબસાઇટ પર ઓનલાઈન અંગદાનનો સંકલ્પ લે તે માટે પ્રયત્ન કરશો. આપની કોલેજમાં થયેલ કાર્યક્રમની વિગત (કોલજનું નામ તથા સરનામું, ભાગ લીધેલ કુલ સંખ્યા, સંકલ્પ લીધેલ કુલ સંખ્યા તથા ફોટોગ્રાફ) **angdanindia@gmail.com** પર મોકલી આપશો. જેથી તમામ કોલેજનો રિપોર્ટ એકત્ર કરી શકાય. આ અંગે કઈ વધુ જાણકારી મેળવવી હોય તો ડૉ. પ્રશાંત - 9909290393 (અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટ), ડૉ. વિદુર - 9913353367 (ઇંડિયન મેડિકલ એસોસિએશન) ડો.મંજીત-9998227871 પાસેથી મેળવી શકાશે.

**આપનો વિશ્વાસુ,**

P. Patel.

**રજીસ્ટ્રાર**
**ગુજરાત મેડીકલ કાઉન્સિલ,**
**અમદાવાદ**

# અંગદાન સંકલ્પ લેવા માટેની વિગત

**હું અંગદાન કેવી રીતે કરી શકું ?** - અંગદાનની પ્રતિજ્ઞા લેવા માટે https://notto.abdm.gov.in/ વેબસાઇટની મુલાકાત લો. **તમે જાતે પણ NOTTO પર રજીસ્ટ્રેશન કરવી શકો છો.**

1. https://notto.abdm.gov.in/ પર જઈને Registration for Pledge પર ક્લિક કરો.
2. તમારો આધાર કાર્ડ નંબર નાંખો. Verify પર કિલક કરવાથી તમારા મોબાઈલ પર OTP નંબર આવશે.
3. તમારા મોબાઈલ નંબરમાં આવેલ OTP નંબર અને Mobile નંબર નાંખો. Verify પર કિલક કરો.
4. ફોર્મમાં માંગેલ તમામ માહિતી ભરવી ફરજિયાત છે. તમે તે માહિતી ગુજરાતી કે હિન્દીમાં જોવા/ભરવા માટે ઉપર જમણી તરફ ભાષા માટે આપેલ વિકલ્પમાં જઈને ભાષા સિલેકટ કરી શકો છો.
5. Name of Individual/NGO/ Institution who motivated you to pledge ના વિકલ્પમાં NGO વિકલ્પ પસંદ કરો. અને Angdaan Charitable Trust નીચે લખો.
6. બધી જ વિગત ભરાઈ ગયા પછી Submit પર ક્લિક કરો.
7. Proceed પર ક્લિક કરો.
8. તમારા મોબાઈલ નંબરમાં આવેલ OTP નંબર નાંખી ને Verify પર કિલક કરો.
9. Download પર ક્લિક કરીને તમારું ડોનર કાર્ડ ડાઉનલોડ કરો.
10. ડોનર કાર્ડ જે ભાષામાં જોઈતું હોય તે ભાષા પર ક્લિક કરો.
11. Download પર ક્લિક કરો. જેથી આપનું ડોનર કાર્ડ ડાઉનલોડ થશે.
12. તમે અંગદાન કરવાનો સંકલ્પ લીધો છે. તે અંગેની પરિવારજનોને જાણ કરો.

**Scan here for the gift of life.**

**શું ભવિષ્યમાં હું અંગદાનનો નિર્ણય પાછો ખેંચી શકું ?**- હા, તમે તમારો નિર્ણય પરત લઈ શકો છો. ભારતીય કાયદા મુજબ અંગદાનનો નિર્ણય ગમે ત્યારે રદ્દ કરી શકાય છે. વ્યક્તિએ અંગદાનનો નિર્ણય લીધો હોવા છતાં પણ જો પરિવારજનો બ્રેનડેડની સ્થિતિમાં મૃતકનું અંગદાન કરવા માટે ઇચ્છુક ન હોય તો તે અંગદાન કરી શકાતું નથી.